## ક્રિ. પર. અરજ નં. ૬૦૫/૨૩ ના કામે આંક.૧ લગત હુકમ

(૧) પાલનપુર તાલુકા પો.સ્ટે. પ્રોહી ગુના રજી.નં.પ્રોહી. ગુના નં.૩૦૦૮૯/૨૩, પ્રોહી.કલમ ૬૫એઇ,૧૧૬(૨), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબના ગુનાના કામે આરોપી (૧) વલમસિંહ પદમસિંહ ડાભી, રહે.વાસડા, તા.આબુરોડ, જિ.સિરોહી, રાજસ્થાનનાઓ તરફે ઉપરોકત ગુનાના કામે ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે. આરોપીની સદર અરજી અંગે તેઓના વિ.વ.શ્રી ને સાંભળ્યા તથા વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા.

(૨) આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી ની રજુઆત છે કે, આરોપી ગુના અંગે કશુ જાણતા નથી, મજુર વર્ગના માણસ છે, હેરાન કરવાના આશયથી ખોટો કેસ કરેલ છે. જો જામીન ઉપર મુક્ત ન કરવામાં આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉભો થાય તેમ છે. નાસી ભાગી જાય તેવા નથી. આરોપીને શરીરના હાડકાનું ફેક્ચર થયેલ હોઈ, ઓપરેશન કરાવેલ છે. સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, નામ.કોર્ટ ફરમાવે તેટલા જમીન તેમજ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે તેમ જણાવી શરતોને આધીન જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૩) ઉભયપક્ષ ને સાંભળ્યા. પોલીસ પેપર્સ વંચાણે લીધા. જામીન અરજી સાથે દસ્તાવેજી લીસ્ટથી આરોપીના સારવાર સર્ટી તેમજ એક્સ-રેની ઝેરોક્ષ નકલો વંચાણે લીધા. આરોપી સામેના આક્ષેપિત ગુનાની ફરિયાદની ટુંક હકીકત મુજબ આ કામના આરોપીએ પોતાની હ્યુન્ડાઈ કંપનીની વર્ના કારના પાછળ ડીકીમાં તેમજ વચ્ચેની સીટમાં વિદેશી દારુ તથા બિયર કાગળના પુંઠાના બોક્સમાં તથા છુટક નંગમાં ભરેલ બોટલ/બિયર નંગ ૭૦૪, કિં.રુ.૧,૬૦,૭૬૦/- નો મળી આવી ગે.કા. હેરાફેરી કરી ગુજરાતમાં ઘુસાડવાનો અન્ય ઈસમો સાથે ષડયંત્ર રચી ગુનો કર્યાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી વિરુધ્ધ ના ગુનાનો પ્રકાર, ગુનાની સજાની જોગવાઇ, ગુનાની સજાની સંભવીતતા, અરજી માં જણાવેલા કારણો તથા તેની સાથે રજુ આરોપીના સારવાર સર્ટી તેમજ એક્સ-રેની નકલો ધ્યાને લેતાં આરોપીને હિપ જોઈન્ટ્સું ફેક્ચર હોઈ આરોપીની શારિરીક પરિસ્થિતિ તથા જામીન અરજી વખતે ધ્યાન માં રાખવાના નામદાર સુપ્રિમકોર્ટ અને નામદાર હાઇકોર્ટના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા અરજદાર/આરોપી ને ટ્રાયલ પુર્ણ થાય ત્યાં સુધી કસ્ટડી માં રાખવા કોઇ ન્યાયી અને ઉચિત કારણ જણાતુ ન હોઇ જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-૦ હુકમ ૦-**

અરજદાર/આરોપીઓની જામીન અરજી મંજુર કરવામાં આવે છે અને અરજદાર/ આરોપીએ **રૂ.૧૦,૦૦૦/-(અંકે રૂ.દસહજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી તાલુકા પો.સ્ટે. પ્રોહી ગુના રજી.નં.પ્રોહી. ગુના નં. ૩૦૦૮૯/૨૩, પ્રોહી.કલમ ૬૫એઇ,૧૧૬(૨), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબના ગુનામાંથી નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આરોપીએ સદર ગુનાનું ચાર્જશીટ થતા સુધી સંબંધિત પોલીસ સ્ટેશનમાં દર અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે નિયમિત હાજરી પુરાવવી.

(૨) આરોપીએ સીધી કે આડકતરી રીતે આ ગુનાના ફરિયાદી તેમજ સાક્ષીઓને કોઇપણ પ્રકારની ધાકધમકી કે પ્રલોભન આપવા નહી તેમજ તેમનો કોઇપણ પ્રકારે સંપર્ક સાધવાના પ્રયત્ન કરવો નહી કે કરાવવો નહી.

(૩) આરોપીએ પોતાનું રહેણાંકનું કાયમી તથા હંગામી સરનામું તથા મોબાઇલ નંબર કોર્ટ સમક્ષ જાહેર કરવા તથા તેમાં કોર્ટની પરવાનગી સિવાય તેમાં કોઇ ફેરબદલ કરવી નહી. ઉપરોકત પૈકી કોઇપણ શરતનો ભંગ થયેલી આરોપીના જામીન આપોઆપ રદ્દ થયેલા ગણાશે.

આ હુકમની એક નકલ સંબંધિત પોલીસ સ્ટેશન તરફ જાણ સારુ રવાના કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ પાલનપુર.
તા. ૨૦-૦૭-૨૦૨૩

**(લીના મહેશભાઇ પરમાર)**
ચોથા એડી.જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ,
બનાસકાંઠા-પાલનપુર.
કોડ નં.જી.જે.૦૧૭૦૫